# પ્રાંતિજમાં હર્ષોલ્લાસપૂર્વક ગણેશજીનું વિસર્જન કરાયું

## શરબત, મોદક પ્રસાદી સાથે હરખાતા હૈયે દુંદાળા દેવને વિદાય અપાઈ : અગલે બરસ તુ જલદી આના સાથે વિઘ્નહર્તાના વિદાય વરોઘોડા નિકળ્યા





પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં તા. ૧૫-૯-૨૦૧૬ને ગુરૂવારના રોજ દુંદાળા દેવ ગણપતિદાદાની મર્તિઓનું ઠેર ઠેર વિસર્જન વાજતે ગાજતે ડીજેના ઢોલ નગારા સાથે વિસર્જન કરવામાં આવ્યુ હતુ. અને ભવ્ય વિદાય શોભાયાત્રા જુદી જુદી જગ્યાએથી ગણેશ યુવક મંડળો દ્વારા નીકળી હતી.

દેવોના દેવ ભગવાન શિવના પુત્ર ભગવાન ગણેશની દસ દિવસ માટે સ્થાપન બાદ દસ દિવસ પૂજા-અર્ચના કરી ભગવાન ગણેશની મૂર્તિઓનું ઠેર ઠેર પ્રાંતિજ સહિત તાલુકાઓમાં વિસર્જન યોજાયું હતું. અને દાદાને વિદાય આપવા અને આવતા વર્ષે જલ્દી આવજોના એક જ રણકાર જોવા મળ્યો હતો.

ગુલાલ, ફટાકડા, નાચતા-વગાડતા જુમી ઉઠ્યા હતા. રેલવે સ્ટેશન વિસ્તાર, ગુર્જરની પોળ, તપોધન ફડી, પંડ્યા ફડી, વાઘેલા વાસ, ભોઈવાસ, આંટીયાવાસ, સર્વોદયનગર વગેરે સ્થળોએથી ગણેશ વિસર્જન કાર્યક્રમો યોજાયા હતા. જ્યારે ઠેર ઠેર શોભાયાત્રાઓ નીકળી હતી ને દાદાને વિદાય આપી હતી. તો એપ્રોચરોડ ઉપર આવેલ શીવપેલેસ ઉપર દર વર્ષની જેમ આ વર્ષે પણ લીંબુ સરબત, પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી અને મોટી બોખ તથા સાદોલીયા ચેકડેમ ખાતે દાદાની મુર્તિઓનું ભક્તો દ્વારા વિસર્જન કરવામાં આવ્યું હતું અને ગણપતિ ઉત્સવ નગરજનો તથા આમ જનતાએ પણ વિશેષ પણે ઉજવ્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં ઠેર ઠેર ઉલ્લાસપૂર્વક ગણેશ વિસર્જન

અરવલ્લી, તા. ૧૫

સર્વે શુભકાર્યોમાં સૌ પ્રથમ પૂંજાતા ભગવાન શ્રી ગણેશના અતિ પ્રસિદ્ધ ગણેશ મહોત્સવની દસ દિવસ સતત ભક્તિભાવપુર્વક ઉજવણી કરી ગુરૂવારે અરવલ્લી જિલ્લામાં ઠેર ઠેર અબીલ-ગુલાલની છોળો અને બેન્ડવાજા કે ડીજેના સુરાવલીઓ સાથે ગણપતિ બાપ્પા મોર્યા અગલે બરસ તુ જલ્દી આ ના નાદ સાથે વિસર્જન યાત્રા યોજી ગણપતિદાદાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જિલ્લામાં વિસર્જન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.











અરવલ્લી જિલ્લામાં અનંત ચૌદસે મોડાસા શહેર સહિત અન્ય શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક સ્થળોએ ગણપતિની સ્થાપના કરવામાં આવી હતી. ગણેશ ચતુર્થીના દિવસે સ્થાપના થયા બાદ દસમા દિવસ સુધી સતત દૂદાળા દેવની પૂજા અર્ચના કરી ગુરૂવારે ગણેશ મહોત્સવના સમાપનના ભાગરૂપે ડી.જે. બેન્ડવાજા અને ભજન મંડળીઓના તાલે વાજતે-ગાજતે શોભાયાત્રા કાઢી નજીકમાં આવેલા જળાશયો, નદીઓ કે સરોવરોમાં ગણપતિદાદાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રામપાર્ક કા રાજા, મેઘરજ યુથ જેક્શન, રીદ્ધી સિદ્ધી મનોકામના યુવક મંડળ, સાંઈ ગ્રુપ ઓધારી ગણેશ યુવક મંડળ, કડીયાવાડી ગણેશ યુવક મંડળ, ભોઈવાડા યુવક મંડળ દ્વારા તેમજ નગરજનોએ ધંધા રોજગારના સ્થળોએ તેમજ ઘરમાં સ્થાપના કરાયેલા શ્રીજી ભગવાનની સતત ૧૦ દિવસ સુધી પૂજા, અર્ચના, આરતી, ભજન કિર્તન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ સ્પર્ધાઓનું આયોજન કરી ગણેશજીના ભક્તોએ, નગરજનોએ અને યુવક મંડળોએ ભક્તિમય વાતાવરણમાં આહલાદક અનુભૂતિ અનુભવિ હતી.

ગણેશજી ભગવાને ભક્તોનું દસ દિવસ આતિથ્ય માણ્યા બાદ આજે મોડાસા શહેરના મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં ઢોલ નગારા તેમજ ડીજેના તાલે વિસર્જન યાત્રા નિકળતા શહેરના મોટી સંખ્યામાં શહેરીજનોએ ગણપતિ બાપ્પા મોરયા અને અગલે બરસ તુ જલદી આ ના બાપ્પા મોરિયા રે બાપ્પા મોરિયા રે તેમજ ગણપતિ બાપ્પા મોરયા પુડચ્યા વરસી લવકર યા ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યુ હતુ.

બપોરના એક વાગ્યા બાદ ધીરે ધીરે શ્રીજીની પ્રતિમાઓ નિકળવાની શરૂઆત થઈ હતી. સ્વયંભુ નગરજનો ગણેશજીની વિસર્જન યાત્રામાં જોડાઈ ગયા હતા. વિસર્જન યાત્રા શાંતિપૂર્ણ યોજાય તે માટે મોડાસા ટાઉન પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

ગણેશજીની પ્રતિમાને વિસર્જન સમયે ભક્તોની આંખો ભીની થઈ ગઈ હતી.

# ભિલોડામાં ગણપતી વિસર્જનમાં ભક્તોનો મહાસાગર ઉમટ્યો

## ગણપતી બાપ્પા મોરીયા...અગલે બરસ તુમ જલદી આના... દેવા હો દેવા ગણપતી દેવા...

ભિલોડા,તા.૧૫

સાબરકાંઠા અને અરવલ્લી





જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ગણેશ ચતુર્થીનું પર્વ પુર્ણ થતાં આજે અનંત ચૌદશના દિને ઠેર-ઠેર ગણેશ વિસર્જનના કાર્યક્રમ યોજાયા હતા. શીવ ગૌરી પુત્ર દુંદાળા દેવ ગણેશજીને ભાવભેર વિદાય આપવા હજ્જારો ગણેશભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ગણપતી બાપા મોરીયા... અગલે બરસ તુમ જલદી આના... ના ગગનભેદી નારાઓ ઠેર-ઠેર સાંભળવા મળતા હતા. ગણેશ ચતુર્થીના દિને ગણેશજીની સ્થાપના કર્યા બાદ સતત દસ દિવસ સુધી સેવા, પૂજા, અર્ચના કર્યા બાદ વિદાય કરતા ગણેશભક્તો ભાવવિભોર બની ગયા હતા. ભિલોડા તાલુકામાં ગણેશ ચતુર્થીનું પર્વ સમાપ્ત થતાં આજે તા.૧૫ ના રોજ ગણેશ વિસર્જનના કાર્યક્રમો ભારે દબદબાભેર સંપન્ન થયા હતા. દુંદાળા દેવ ગણેશજીને વિદાય આપવા હજ્જારો ભક્તો શોભાયાત્રામાં જોડાયા હતા.

ભિલોડા તાલુકામાં વાતાવરણ ગણેશમય બની જતાં ગણેશભક્તો વહેલી સવારથી પ્રાર્થના કરવા માટે ગણેશજીના પંડાલોમાં મોટી સંખ્યામાં ઉમટવા લાગ્યા હતા.અનંત ચૌદશ નિમિત્તે ગણેશ વિસર્જનના કાર્યક્રમો યોજાયા હતા. ભિલોડા તાલુકામાં ગણેશ વિસર્જનના કાર્યક્રમમાં બેન્ડ વાજાની શુરાવલી વચ્ચે વાજતે-ગાજતે અબીલ, ગુલાલની છોળો ઉડાડી, ફટાકડાની આતશબાજી કરી આનંદ ઉલ્લાસ અને ભક્તિમય વાતાવરણ સાથે હજ્જારો ગણેશભક્તોએ રિધ્ધિ-સિધ્ધિના સ્વામી વિઘ્નહર્તા ગણપતી દાદાને ભાવભીની વિદાય આપી હતી. ગણપતી બાપા મોરીયા... અગલે બરસ તુમ જલદી આના.. ગગનભેદી નારાઓ સાથે ગણેશજીને ભાવભરી વિદાય આપી હતી.ગણપતી દાદાના વિદાય ટાણે અનેક ભાવિક ભક્તો રડી પડ્યા હતા. હાથમતી નદી,બુઢેલી નદી, હાથમતી, ઈન્દ્રાસી, મેશ્વો જલાગારોમાં ગણેશજીની વિશાળ પ્રતીમાઓનું વિસર્જન કરતાં ગણેશભક્તો ભાવુક બની ગયા હતા. ભક્તોના ચહેરા ઉપર સ્મીત સાથે-સાથે ઉદાસીનતા કહી રહી હતી કે અગલે બરસ તુમકો આના હી હોગા... ગણપતી અપને ગાંવ ચલે... કૈસે હમકો ચેન મીલે... ગણપતી બાપા મોરીયા... ગણપતી બાપા મોરીયાના નારાઓ સાથે વહેતા પાણીમાં ગણેશજીની વિશાળ મુર્તીઓનું વિસર્જન કરાયું હતું.

ભિલોડા, વિજયનગર, શામળાજી, દઢવાવ, સુનોખ, નારણપુર, વાંકાનેર સહિત વિવિધ ગ્રામ્યવિસ્તારોમાં ગણેશ વિર્સજનના કાર્યક્રમો ઠેર-ઠેર યોજાયા હતા. ગણપતી દાદાની આબેહુબ વિશાળ મુર્તીઓના વિર્સજન દરમ્યાન ભાવિક ભક્તોનો મહાસાગર ઉમટ્યો હતો.ગણેશજીના ભાવિક ભક્તો ભાવવિભોર બની ગયા હતા. ભિલોડામાં ગણેશજીના ભાવિક ભકતો ધ્વારા શોભાયાત્રામાં ગણેશજીને પ્રિય એવા લાડું, મોદકનો પ્રસાદની વહેંચણી કરાઈ હતી.

# અંબાજી જતો માનસિક બિમાર યાત્રીક ભુલો પડતા દોડધામ મચી

## બંદોબસ્તમાં તૈનાત પોલીસની સતર્કતાથી વિખુટો પડેલો યાત્રીકનું તેના પરિવાર સાથે મિલન થયું

અંબાજી, તા. ૧૫

પોલીસ અધિક્ષક નિરજ બડગુજરની સુચના અને માર્ગદર્શન હેઠળ અંબાજી પગપાળા જતા સંઘો અને યાત્રાળુઓને કોઈ અસામાજીક તત્વો, રોમીયો, બાયકર્સ, બુટલેઘર દ્વારા કોઈ હેરાનગતી ન ઉદ્ભવે તે હેતુથી પો.સ.ઈ. જે.એચ. સિંધવ તથા પો.સ.ઈ. પી.બી. ચૌધરી પાલનપુર તાલુકા પો.સ્ટે. તથા ટીમના માણસો દ્વારા પગપાળા જતા યાત્રાળુઓના માર્ગો ઉપર પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન આજરોજ સવારે ચડોતર ગામેથી મણાભાઈ ડુગરાભાઈ ભીલ રહે. રૂણી, તા. ધાનેરાવાળો શંકાસ્પદ જણાતા તેની પુછપરછ કરતા ગઈ



તા. ૧૧-૯-૧૬ના રોજ રવિવારના દિવસે તેમના ગામ રૂણી, તા. ધાનેરા ગામેથી તેમના સંબંધીઓ સાથે અંબાજી ભાદરવી પુનમ મેળામાં પગપાળા જવા નીકળેલ અને રસ્તામાં સાથેના સંબંધીઓથી વિખુટા પડી જતા ચડોતર ગામે હાઈવે રોડેથી મળી આવેલ હોઈ તેની સૌહાદપૂર્વક અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પુછપરછ કરતા તે યાત્રિક રૂમી ગામના હોવાનું જણાવતા અને હોમગાર્ડ જવાન હોવાનું જણાવતા ધાનેરા સંપર્ક કરી તેની પત્ની લાશુબેન તથા તેના કુટુંબીઓને પાલનપુર બોલાવી મણાભાઈ સાથે મીલન કરાવતા તેમના પત્ની તથા કુટુંબીઓમાં સહર્ષ ખુશીના આંસુ સાથે લાગણીસભર દશ્યો સર્જાયેલા અને બનાસકાંઠા પોલીસનો આભાર વ્યક્ત કરેલ છે.

# આઈટીઆઈ પાલનપુરના શિક્ષકોની અંબાજી પદયાત્રીઓને ચ્હા-પાણીની અવિરત સેવા

ત્રણ દાયકાઓ અગાઉ 'મા' જગદંબાના દર્શને જતા પગપાળા યાત્રીઓ માટે દાંતાથી અંબાજી તરફના કઠિન ત્રિશૂળિયા ઘાટના રસ્તા આસપાસના ડુંગરાઓના કેટલાક સ્થાનિક અનિષ્ઠ લોકોની રંજાડથી ભયજનક ગણાતો હતો. ૩૨ વર્ષ અગાઉ આવા પડકારરૂપ કપરા સમયે, અલૌકિક પ્રેરણાથી પ્રેરાઈને આઈટીઆઈ પાલનપુરના બે-ચાર શિક્ષકોએ દીવાદાંડી જેમ પ્રારંભે ફાનસના ટમટમ અને પછી પેટ્રોમેક્ષના સફેદ અજવાળે રાત્રે આ ઘાટીમાંથી પસાર થતા પદયાત્રીઓ માટે ચ્હા-પાણી પીરસવાનું ઉમદા કાર્ય શરૂ કર્યું હતુ.

ઘણા વર્ષોથી નિવૃત્ત થવા છતાં પણ આ શિક્ષક મિત્રોએ બદલાયેલા સમય સાથે હવે લાખોની સંખ્યામાં આ રસ્તે ચાલતા માઈ ભક્તોને આખા દૂધની મસાલેદાર ચ્હા આપવાનું કેન્દ્ર હૃદયના ભાવ સાથે ચાલુ રાખ્યુંછે. ચાલુ વર્ષે ૧૦૦૦ મણ (આશરે ૨૦,૦૦૦ લીટર) દૂધ, ૧૦૦ કિલોની એક એવી ૩૦ બોરી ખાંડ, ૫૫૦ કિલો ચ્હા અને રૂપિયા ૭૦,૦૦૦ના મરી-મસાલેદાર રબ્બર જેવી ચ્હા ત્રિશૂળિયા ઘાટનો કપરો થાક ઉતારવામાં અક્સીર બની રહ્યો છે. આ ભગીરથ કાર્યમાં દિવસ-રાત જોડાયેલ ૧૫૦ માણસોને જમાડે છે. શ્રી જય અંબે પરિવાર-ગાંધીનગર વતી પ્રમુખ લલિતભાઈ પટેલે ઉપરોક્ત સમગ્ર કાર્યની ધૂંસરી સંભાળનાર શિક્ષકમિત્રો જશુભાઈ પટેલ, સોમાભાઈ મોહનલાલ પટેલ, જયંતિભાઈ મગનલાલ પટેલ ઉપરાંત તેઓની સમગ્ર ટીમને સુખ સમૃદ્ધિ અને ખ્યાતિ આપે વર્ષોસુધી આ સેવા ચાલુ રાખી શકવાની અવિરત શક્તિ પ્રદાન કરવા મા અંબેને નતમસ્તકે પ્રાર્થના કરી હતી.

# તલોદમાં ભાવ-ભક્તિથી ઠેર ઠેર ગણપતિ વિસર્જન

## અબીલ, ગુલાલ, આતશબાજી સાથે ડી.જે. સાઉન્ડના તાલે લાકડીઓ, તલવારોના કરતબોથી દુંદાળાદેવની નગરચર્યા સાથે મહાપ્રસાદનો લ્હાવો લઈ પૂર્ણાહુતિ કરાઈ

તલોદ, તા. ૧૫

ભાદરવા સુદ ચોથ એટલે કે ગણેશ ચતુર્થી વિઘ્નહર્તા દેવ ગણપતિદાદાનું તલોદમાં મુર્તિ સ્વરૂપે આગમન કરાયું હતું. જેમાં દુંદાળાદેવની સતત ૧૧ દિવસ સુધી સવાર-સાંજ પૂજા-અર્ચના, મહાઆરતી સાથે ડી.જે. સાઉન્ડની રમઝટના તાલે મોડી રાત્રી સુધી ભક્તોએ ગણેશમય બની વિઘ્નહર્તા દેવની ધામધૂમથી ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પર્વમાં આયોજકો દ્વારા ચા-નાસ્તો, લાહણી તેમજ સમુહ આરતી દ્વારા પ્રભાવિત કરવામાં આવ્યા હતા.

તલોદમાં ગણેશ ચતુર્થી ઉત્સવ માતાજી ચોક, શ્રીનાથજી હવેલી, તલોદના મઠમાં, અંબિકાનગર, સર્વોદય સોસાયટી, માણેકલાલ માસ્તરની ચાલી, વણઝારા વાસ, કલાલની ચાલી, કચ્છી સમાજવાડી, પગી સમાજ સહિત અનેક સ્થળોએ ઘરઘથ્થુ દુંદાળાદેવની નાની મુર્તિઓનું સ્થાપન કરી વિધિવત પૂર્ણાહુતી કાર્યક્રમ અબીલ, ગુલાલ, આતશબાજી સાથે ડી.જે. સાઉન્ડના તાલે લાકડીઓ અને તલવારોના કરતબથી નાચગાન કરતા કરતા ટ્રેક્ટરો, ઊંટલારીઓ, હાથલારીઓ અને ટેમ્પામાં ગણપતિદાદાનું સમગ્ર નગરમાં બાપા મોરિયા અગલે બરસ જલદી આના ના ગગનભેદી સ્વરોથી વરઘોડા કાઢવામાં આવ્યા હતા. બપોરે બાર વાગ્યાના સમયે બાપાનું વિસર્જન વખતે પૂજા-અર્ચના આરતી સાથે વિધિવત વિસર્જન-વિદાય કાર્યક્રમથી સમગ્ર તલોદ નગરજનો ગણપતિદાદાના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.

ગણપતિદાદાની જળ સમાધી આપતી વખતે કેટલાય ભક્તોની આંખો અશ્રુમય બની બાપાને વિદાય આપી હતી. તમામ આયોજકોનું તલોદના મઠમાં પૂર્વ પાલિકા પ્રમુખ રંગુસિંહ સોલંકીના નેતૃત્વમાં મહાપ્રસાદનું આયોજન તલોદના મઠ યુવક ક્ષત્રિય મંડળ દ્વારા રાખવામાં આવ્યું હતું. ગણપતિદાદાનું વિસર્જન ઉલ્લાસભેર ઉજવાયો હતો.

# ભાદરવી પૂનમ અંબાજી પદયાત્રીકોને આરોગ્ય વિભાગ દ્વારા તબીબી સેવાઓ

મહેસાણા, તા. ૧૫

મહેસાણા જિલ્લાના રસ્તાઓમાં દર વર્ષે ભાદરવી પૂનમે પગપાળા યાત્રા અંબાજી દર્શને માનવ મહેરામણ ઉમટી પડે છે. જિલ્લામાંથી પસાર થતા પદયાત્રીઓ આપણા મહેમાન થઈ તેમને તબીબી સેવાઓ સારી રીતે મળી રહે તે માટે જિલ્લા કલેક્ટર આલોક કુમાર અને જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. લાંગાના માર્ગદર્શનથી આરોગ્ય વિભાગે તબીબી સેવાની સુંદર કામગીરી કરી હતી.

મહેસાણા જિલ્લાના વિવિધ ૨૫ સ્થળોએ સતત રાત અને દિવસ દરમિયાન પેરા મેડીકલ સ્ટાફ દ્વારા સેવા અપાઈ છે. જિલ્લામાં ૭ સપ્ટેમ્બરથી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન ૧૯૯૯૮ યાત્રીઓને તબીબી સારવાર અપાઈ છે.

જિલ્લામાં આરોગ્ય તબીબી વિભાગના સેવા કેમ્પો મારફતે મુખ્યમંત્રી વાત્સલ્ય યોજના, મુખ્યમંત્રી અમૃતમ યોજના, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, મુખ્યમંત્રી નિદાન યોજના, બેટી બચાવો-બેટી પઢાવો, તમાકુ નિયંત્રણ, કુટુંબ કલ્યાણ, ચિરંજીવી, બાલસખા, ડાયાબીટીસ, કેન્સર, મેલેરીયા, ડેન્ગ્યુ, ક્ષય સહિત તમામ કામગીરીની માહિતી અને જાણકારી પદયાત્રિકોને આપી હતી. જિલ્લામાં ૭૪૮૨૬ પત્રિકાઓનું વિતરણ માઈભક્તોને કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત પદયાત્રીઓને ચા-પાણી, નાસ્તા, જમવાની વ્યવસ્થા કરતા સેવા કેન્દ્રોમાં શુધ્ધ અને આરોગ્યપ્રદ ખાદ્યપદાર્થો આપવામાં આવે તે માટે ૬ મોબાઈલ ટીમો દ્વારા ઘનિષ્ટ નિરીક્ષણની કામગીરી કરવામાં આવી હતી. જિલ્લાના રસ્તાઓમાં પગપાળા યાત્રાળુઓ દ્વારા જમવાની ખાલી ડીશો, કપ સહિતના ઘન કચરાનો નિકાલ માટે સંબંધિત તાલુકા વિકાસ અધિકારી તેમજ તલાટી કમ મંત્રીઓને રૂબરૂમાં સેવા કેન્દ્રોની મુલાકાત લઈ કચરાના નિકાલની કામગીરી કરે તે માટેની સુચના જિલ્લા વિકાસ અધિકારી મહેસાણા દ્વારા અપાઈ હતી.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સહયોગથી વેસ્ટ મેનેજમેન્ટ કંપની મારફતે પગપાળા યાત્રાળુઓ તથા સેવા કેન્દ્રો સંચાલકો મારફતે ખાલી પાઉચ, પ્લાસ્ટીક ગ્લાસ, ડીશ તથા ઘન કચરાના નિકાલ માટે કામગીરી કરવામાં આવેલ છે.

પગપાળા યાત્રાળુઓ માટે સેનીટેશનની, પીવાની પાણીની, પાણીના ક્લોરીનેશનની તથા સમયસર આરોગ્ય અને તબીબી સારવાર મળી રહે તે માટે સઘન નિરીક્ષણ માટે રૂબરૂ સ્થળ ચકાસણી આરોગ્ય વિભાગના અધિકારીઓને કરવા જિલ્લા વિકાસ અધિકારીએ સુચના આપેલ હતી.

# ભિલોડા પાસે જીપ-ટ્રેક્ટર ટકરાતાં યુવાનનું કરૂણ મોત

ભિલોડા. તા.૧૫

ભિલોડા-ઈડર ધોરીમાર્ગ ઉપર આવેલ રેવાસ ગામ પાસે જીપ ચાલકે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે બેદરકારી પુર્વક જીપ હંકારતાં જીપમાં બેઠેલા ભિલોડા તાલુકાના માંકરોડા ગામના નવયુવાનનું કરૂણ મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા-ઈડર ધોરીમાર્ગ ઉપર આવેલ રેવાસ ગામ પાસે જીપ ચાલકે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે બેદરકારી પુર્વક માંતેલા સાંઢની માફક જીપ હંકારતાં ટ્રેક્ટરની ટ્રોલી સાથે ધડાકાભેર ટકરાતા જીપની ડ્રાઈવર સાઈડમાં બેઠેલા નવયુવાન એકા-એક નીચે માર્ગ ઉપર પટકાતા નવયુવાનના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર દરમ્યાન ભિલોડા તાલુકાના માંકરોડા ગામના નવયુવાન નિકુલભાઈ પ્રકાશભાઈ કલાસવા,આશરે ઉંમર વર્ષ-૧૭ નું કરૂણ મોત નિપજ્યું હતું. માંકરોડા ગામના આશાસ્પદ નવયુવાનનું કરૂણ મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. માંકરોડા ગામના અર્જુનભાઈ હસમુખભાઈ કલાસવાએ જીપ ચાલક દિલીપભાઈ લાલાભાઈ ખારવા, રહે. ગોવિંદનગર, ભિલોડા વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.